# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૬ | ૧ | ૧૪-૦૪-૨૦૧૨ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# LIfe is not "બોરીંગ"

**તંત્રી સ્થાનેથી**

મનોચિકીત્સક અથવા સાયકીએટ્રીસ્ટ પહેલાના જમાનામાં ગાંડાના ડોકટર તરીકે ઓળખાતાં, જેની પાસે જતાં લોકો સો વાર વિચારતાં, છુપાઈને જતાં એ હવે એક મિત્ર તરીકે ઓળખાવાં લાગ્યા છે. પહેલાં ભાગ્યેજ લોકો એમની પાસે જતાં, હવે ઘણાં લોકો રેગ્યુલર મુલાકાત લેતાં થઈ ગયાં છે, અને એમની પાસે જતાં લોકોની મુખ્ય ફરિયાદ છે. ડીપ્રેશન, ફીલીંગ લો. મુખ્ય કારણ છે સ્ટ્રેસ અને બોરીંગ. આમાંથી સ્ટ્રેસ તો આજના આપણા શહેરીકરણની, જેટયુગની દેન છે. બધાને જીંદગીની રેસમાં બધાથી આગળ થઈ જવું છે. પરંતુ બોરીંગ શબ્દ તો હવે નાનો પાંચ વર્ષનો છોકરો પણ બોલવા લાગ્યો છે. બહુ 'બોર' થાય છે. એવું આપણે હવે દરેક વયના લોકો પાસેથી સાંભળીએ છીએ. નાના છોકરાઓને તો કહી શકાય ''બોર થાય તો ઠળીયા કાઢીને ખાઈ જવાના.'' પણ મોટાઓનું શું ? બોરીંગ એટલે ગુજરાતીમાં કંટાળો, અને કંટાળો એટલે મનને ન ગમતી ક્રિયા ફરજીયાત કરવાની મજબુરી અથવાતો રોજ એકની એક રીતની જીંદગી, કોઈ બદલાવ વગરની જીંદગી જીવવાની મજબુરી.

મોટાભાગના લોકોનું સોમ થી શનિ નું રૂટીન એકજ હોય છે. સવારના ઉઠવાનું, છાપુ વાંચવાનું, ચા પાણી કરવાના, કામ પર જવાનું, ટીફીન ખાવાનું, રોજના એક જ કામના ઢસરડાં કરવાના, સાંજે ઘરે આવીને ટીવી જોવાનું, જમવાનું અને સુઈ જવાનું.

બાળકોને એજ સવારે સ્કુલે જવાનું, સાંજે ટયુશનમાં જવાનું અને ઘરે હોમવર્ક કરવાનું. સ્ત્રીઓને સવારે દોડી દોડીને ચા નાસ્તો, ટીફીન તૈયાર કરવાનું, બપોરે ઘરના બીજા કામ, અથવા શોપીંગ કે પછી મહિલા મંડળોમાં જવાનું, સાંજે પાછી રસોઈ, ટીવી ઉપર સાસુવહુની સિરીયલ અને દિવસ પુરો. આવી રૂટીન જીંદગી મોટાભાગના લોકોને રાઝ આવી જાય છે. જ્યારે ઘણાને આજ રૂટીન જીંદગીનો કંટાળો આવવા લાગે છે. સંબંધોમાં પણ એવું જ થાય છે. પતિ પત્ની હોય કે મિત્રો શરૂઆતમાં વ્યક્તિ મળવા જેવી લાગે. મળવાની મઝા આવે, વાતો કરવાની ગમે, સાથે રહેવું ગમે અને લાગે કે આની સાથે તો આખી જીંદગી વાતો કરી શકાય, આખી જીંદગી આનંદથી રહી શકાય પરંતુ ત્યાં પણ પછી ધીરે ધીરે કંટાળો આવતો જાય છે. એકની એક વાતોનો. એક ના એક વિચારોનો અને ન બદલાતા વ્યક્તિત્વનો, સ્વભાવનો, આદતોનો, વર્તનનો, આ ઉપરાંત પણ માણસને કંટાળવાના ઘણા કારણો હોઈ શકે પણ મને એના ઉપાય ફક્ત બેજ લાગે છે એક ‘સ્વીકાર’ અને બીજો ‘બદલાવ’ જ્યાં બદલાવની શક્યતા ન હોય ત્યાં સ્વીકાર એક જ રસ્તો બની જાય છે. સ્વીકાર એટલે હસતાં મોઢે સ્વીકાર કરીને જે રૂટીન છે, જે સંબંધો મળ્યા છે એને બદલી શકવાના ન હોય તો એનો આનંદપૂર્વક સ્વીકાર એજ કંટાળાને દુર કરવાનો ઉપાય છે. જે છે તે છે તો પછી એનો સ્વીકાર હસીને કરીએ કે દુઃખી થઈને કે કંટાળીને એ આપણા પોતાના હાથની વાત છે. પહેલાંના જમાનામાં સ્ત્રીઓ આજની સ્ત્રીઓ કરતાં વધુ રૂટીન કામો કરતી હતી. ટીવી કે બીજા એન્ટરટેઈનમેન્ટ પણ ન હતાં છતાં પ્રભાતીયા, ભજનો કે ગીતો ગાતાં ગાતાં આનંદપૂર્વક બધા કામો કરતી. પુરૂષો પણ પોતાનું કામ હોય કે બીજાનું આનંદપૂર્વક કરતાં કારણ કે એ લોકો આ કામને ઢસરડો નહોતાં સમજતાં, ખાવામાં રોજ રોટલાં હોય કે વારે તહેવારે શીરો કે લાપસી હોય તો પણ એમને ખાવાનું બોરીંગ નહોતું લાગતું અને આજે પંજાબી, ચાઈનીઝ, લેબનીઝ ને ઈટાલીયન વેરાયટી ખાવામાં પણ બોર થઈ જાય છે. એટલે બધું મનનું કારણ છે. સ્વીકારી લઈએ તો પછી કંટાળો ન આવે, મઝા આવવા લાગે, રૂટીન કામને મઝા આવે એવી રીતે કરવું એ પણ એક કળા છે અને એ આપણે જુના જમાનાના લોકોને કે ગામડાના લોકોને જોઈને શીખવું જોઈએ. બીજું છે ‘બદલાવ’. શક્ય હોય ત્યાં બદલાવ લાવીએ તો કંટાળો ઓછો આવે. ધંધામાં કે નોકરીમાં કામ કરવાની રીત બદલી શકાય. કામ પ્રત્યે નો અપ્રોચ બદલી શકાય, નવું સાહસ કે નવી લાઈન લઈ શકાય. રોજના રૂટીનમાં એકાદ મનગમતી પ્રવૃત્તી ઉમેરી શકાય. સાથે કામ કરતાં લોકો સાથેનો વ્યવહાર અને અભિગમ બદલી શકાય. કામમાં કે ભણવામાં નવા સંકલ્પો, નવા ટાર્ગેટ કે નવા સપના ઉમેરી શકાય જે પુરા કરવાની હોંશ જ કંટાળાને ભગાવી દેશે. જોકે કંટાળાનું મુળ તો કામ, પરિસ્થિતિ કે આજુબાજુના લોકો નહી પણ આપણે પોતે જ હોઈએ છીએ. આપણે પોતે જ ‘બોર’ માણસ થઈ જઈએ છીએ. કોલેજ છોડયાં પછી લોકો ભાગ્યેજ વાંચે છે. નવું જાણવાની, નવું શીખવાની પ્રક્રિયા તો જાણે કોલેજ છોડતાંની સાથેજ પુરી થઈ જાય છે. ધંધાના થોડા વર્ષો પછી નવા

સ્વપના જોવાના બંધ થઈ જાય છે. 'મને ખબર ના પડે' કરીને નવી ટેકનોલોજી શીખવા પણ પ્રયત્ન નથી કરતાં. શાળાજીવનના પોતાના સંગીતના કે કળાના શોખને પણ વિકસાવતાં નથી. આપણી વાતોમાં પણ કયાં નવીનતા હોય છે ? નવું વાંચીએ વિચારીએ તો કંઈક નવી ચર્ચાઓ થાય, નહીતો કુથલી ને મશ્કરી સિવાય ક્યાં કંઈ વાતો થાય છે. ઘણાનો અંગત કંટાળો એના વર્તનમાં પણ દેખાય છે. નિરાશાવાદ એની વાતોમાં પણ છલકાય છે.

બદલાવની આપણને પોતાને જરૂર છે. દરેક પરિસ્થિતિ પ્રત્યે જોવાતો અભિગમ આપણે બદલવાની જરૂર છે.

મજાક ખાતર પણ મારી આ રીત અપનાવી જુઓ અને મજા આવેતો વધુ બદલાવ તરફ આગળ વધજો. શરૂઆત પોતાના દેખાવથી કરી જુઓ, મુછોના હોય તો ઉગાડો. હોય તો કાઢીને જુઓ, કપડાનું ફીટીંગ બદલી ને જુઓ. જીન્સ ટીશર્ટ ના પહેરતાં હો તો પહેરીને જુઓ, સાડી પહેરતાં હોતો ચુડીદાર કે પેન્ટશર્ટ પહેરીને જુઓ, શર્ટ ઈન કરતાં હો તો બહાર રાખીને જુઓ, વાળ રહ્યા હોય તો હેરસ્ટાઈલ બદલીને જુઓ, જે રસ્તે રોજ જતાં હો એનો રૂટ બદલીને જુઓ, સવારે ઉઠવાનો સમય બદલીને જુઓ. ટેક્ષી કે ગાડીમાં જતા હો તો બસમાં કે ટ્રેનમાં જઈને જુઓ, પત્નીને સરપ્રાઈઝ ગીફ્ટ અથવા 'ડેટ' આપી ને જુઓ, એને બાય કહેવાની રીત બદલીને જુઓ. રસોઈમાં રોજ બનતાં દાળ શાકની રેસીપી બદલીને જુઓ. કંઈ પણ પ્લાન કર્યા વગરની યાત્રા કરીને જુઓ. નાના બાળકો જેવી મસ્તી કરીને ખુલ્લા દિલે ફરીથી હસીને જુઓ. નાના બાળકની જેમ એકાદ દિવાળી કે હોળી ઉજવી જુઓ. એની સાથે કાર્ટુન ફિલ્મ જોઈને એની જેમજ હસીને જોઈ જુઓ. મોટી હોટલોમાં જ જતાં હો તો પાઉંભાજીની લારી ઉપર બંધ દુકાનના ઓટલે બેસીને ખાઈ જુઓ.

આવા નાના નાના બદલાવથી ખુશી મળતી હોય. જીવનનો કંટાળો દુર થતો હોય તો વધુ બદલાવ લાવીને જોજો, 'બોરીંગ માણસથી' 'મળવા જેવો' કે 'મઝાનો માણસ' બનીને જોજો. બીજાનો કંટાળો પણ દુર કરી શકશો અને લાઈફને બોરીંગ બનતી અટકાવી શકશો. જીવન ફરીથી જીવવા જેવું લાગશે, તમને પણ અને આજુબાજુના તમારી સાથેના લોકોને પણ. ટ્રાય કરી જુઓ.

**-નિખિલ પરીખ**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. **– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

# પંચામૃત

સંસારમાં અલગ અલગ પ્રકૃતિનાં લોકો જોવા જાણવા નીહાળવા મળે છે. અમુક વ્યક્તિઓ જિંદગીમાં અનેક મોટી ઉથલપાથલ જુએ છે અને છતાંય હારી થાકીને જિંદગીને તોબા કહેવા તૈયાર નથી. બીજી વ્યક્તિએ પ્રમાણમાં ઓછી ઉથલ પાથલો જોઈ હોવા છતાંય જિંદગીથી ત્રાહિમામ પોકારી ઉઠે છે. આમ કેમ ?

આમ જોવા જઈએ તો સામાન્ય રીતે માણસની જિંદગી એક બંધ મૂઠી જેવી છે. રોજ રોજ એ મૂઠી ઉઘડે અને બંધ થાય છે. કોઈવાર જિંદગીની મૂઠી ખૂલે છે અને હીરો બનાવે છે. રાજ્યચિહન પ્રગટે છે. તેથી ઉલટું પણ બને છે. કોઈવાર મૂઠી ખૂલે છે અને નાદારીનું હૂકમનામું જાહેર કરે છે. કોઈવાર તે સત્તાધીશની મૂઠીમાંથી રાજદંડ છીનવી લે છે. પણ જે માણસ મનુષ્યનાં જન્મની દુર્લભતા જાણે છે અને જે જિંદગીની ગુંજાસ અને મીઠાશ પણ જાણે છે તે ગમે તેટલી કઠીન જિંદગીથી હાથ ધોઈ નાખવાની ધરાર ના પાડે છે.

માનવીની જિંદગી એકધારી એક સરખી તો જતી નથી. તેમાં અમારી ગરીબી, સફળતા, નિષ્ફળતા, આનંદ, પીડાની હેરાફેરી તો જીવનભર ચાલ્યા જ કરે છે. આપણે જેને અવતાર ગણ્યા, જેમને પયગંબર માન્યો તેમણે પોતે આ બધી અવસ્થા જોઈ છે. તેમણે પોતાની જિંદગીની આવી કોઈ અવસ્થાને વ્યક્તિ તરીકેની પોતાની આખરી કે એકમાત્ર ઓળખાણ તરીકે સ્વીકારી નથી કે આગળ પણ કરી નથી. એમણે આ કે તે અવસ્થાને પોતાના ઓળખ પત્ર ગણવાની ના પાડી છે. કૃષ્ણ મહાભારતની રણભૂમીમાં જે ગીતા સંભળાવે અને ભાલકાતીર્થમાં પારધીનું બાણ વાગ્યા પછી જે કંઈ કહે છે તે ગીતાનું અનુસંધાન પૂરુ પાડે છે. રામ વનવાસમાં જાય કે સરયું નદિમાં જળસમાધિ લે તે કદિય મનુષ્ય અવતારની ખુશ્બો અને ખુમારી પ્રકટ કર્યા વગર રહે જ નહિ.

બુધ્ધ ભગવાનનાં નિર્વાણ પૂર્વેના અંતિમ દિવસો મહાવીર ભગવાનનાં સમાપ્તિ પૂર્વેના દિવસો, મહમ્મદ પયગંબરની અંતિમ વિદાય પૂર્વેનાં દિવસો, ઈસુનાં વધસ્તંભ પર પહોંચ્યાની ઘડીના અને તે પૂર્વેના કલાકો, પૂ. બાપુની અંતિમ પ્રાર્થના સભામાં પહોંચવા પૂર્વેની અમુક ક્ષણો, એમાં ક્યાંય નિરાશા, પરાજય કે નિરર્થકતાની લાગણી એક અંશભાર પણ જોવા નહિં મળે.

વિખ્યાત વિજ્ઞાની આઈન્સ્ટાઈન કહે છે કે માણસની સાચી કિંમત શું ? માનવી પોતાની જિંદગીને તેમ જ માનવબંધુની જિંદગીને અર્થ વગરની ગણે છે. તે હંમેશને માટે દુઃખી રહે છે અને આવો માનવી જિંદગીને લાયક રહેતો નથી. જિંદગીનો કોઈ અર્થ છે કે નહિ ? જિંદગીનો શો અર્થ છે ? એ જાણવા માટે માણસે ધાર્મિક થવું રહયું.

માણસની સાચી કિંમત શું ? એમ વિચારતાં જણાય છે કે માણસની સાચી કિંમત માપવાનો એક જ માપદંડ છે. તે પોતાની જાતથી પોતાનાં સ્વાર્થથી કેટલો મુક્ત થયો છે તે જ સાચો માપદંડ છે. આઈન્સ્ટાઈન તો ત્યાં સુધી કહે છે કે સંપતિથી અને વૈભવથી આ દુનિયાનું, માવજાતનું કશું જ ભલું થવાનું નથી.

દુનિયાનાં આ મેળામાં જેમની પાસે ધનની થેલીઓ હતી તે કશુંય પામ્યા ન હોય એવું બન્યું છે અને જે લોકો તદ્દન ખાલી હાથે દુનિયાનાં આ મેળામાં ફર્યા

તેમણે ખૂબ મોજમની માણી હોય એવું પણ બન્યું છે. કેમ કે જેની પાસે ધન છે તે આનંદ ખરીદે છે અને તેણે આ રીતે ખરીદેલી વસ્તુનો આનંદ હકીકતે તે વસ્તુની માલિકીનો જ આનંદ હોય છે. માલિકીનો આનંદ અને વસ્તુને માણવાનો આનંદ તદ્દન ભિન્ન બાબત છે. આપણે તાજમહાલનાં માલિક નથી પણ ચાંદની રાતે તાજમહાલના સૌંદર્ય થી આનંદ વિભોર બની શકીએ છીએ અને તેનો આનંદ અવિસ્મરણીય બની જવાનો સંભવ રહે છે. આ દુનિયામાં માલિક હોવાનો આનંદ અને ભોક્તા હોવાના આનંદનો જે ભેદ સમજે છે તેને કદિ માલિકીનો પ્રબળ મોહ જાગતો નથી.

કોઈક વિરલાને આયુષ્યની મોટી મૂડી મળી હોય છે, પણ તેઓ આ મૂડીના માત્ર માલિક જ બની બેસે છે. તેનો બિલકુલ ઉપયોગ કરતા નથી. ખાલી નદી જેવું તેમનું જીવતર હોય છે. દુનિયાની નજરે લાંબુ જીવી ગયેલાની યાદીમાં એમનું નામ માત્ર લખાય છે. પણ હકીકતમાં પોતાને માટે પણ બરાબર જીવ્યા હોતા નથી. પોતાની મૂડી અકબંધ રાખીને સુસ્ત બેઠાં છે. પછી અચાનક મોત ત્રાટકીને તેમની જીવનની બધી જ મૂડી લઈ જાય છે. બહુ જ લાંબું જીવ્યા પણ મુદ્દલ જીવ્યા જ નહિ. જીવન કેવું જીવશો ? લાંબુ - નજીવ્યા બરાબર કે ટૂંકુ પણ ઉચ્ચ ગુણવત્તા સભર. જરા વિચારો.

**જરા સોચો, જરા સમજો, જરા સંભલકે ચલો જી...**

**'દોસ્તી કીસીસે જબભી કી જાય,**
**દુશ્મનોંકી રાયભી લી જાય.**
**બોલતે ખોલકર તો બરસોં પીલી,**
**અબ દિલ ખોલકર ભી પી જાય.**

**- રાજેષ કડકીઆ (ઘાયલ)**

## શ્રી બા.ન. સંઘ સંચાલિત
## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત
## મહિલા વિભાગ

માર્ચ મહિનામાં 'હાઉસી' રમાડવામાં આવેલી. દરેક બહેનોને ૪ હાઉસીની ટિકીટો આપવામાં આવેલી. જેમાં અલગ અલગ રીતે હાઉસી રમાડી ઈનામ આપવામાં આવેલા અને ત્યારબાદ નાસ્તાના પેકેટ આપવામાં આવેલા. ઈનામ મંડળ તરફથી જ આપવામાં આવેલા.

હવે એપ્રિલ મહિનામાં ૧૮ મી તારીખે તારાબાઈ હોલમાં 'અંતાક્ષરી' રાખવામાં આવી છે.

નવા વર્ષનું લવાજમ રૂા. ૧૦૦/- તમે કોઈપણ કમિટી બહેનોને આપી શકો છો.

તા.ક. સાથે કાર્ડ જરૂરી છે.

**સંયોજક - કુંજુ મહેન્દ્ર શાહ - ૯૯૩૦૭૯૪૪૨૪**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## શ્રીજી મેડીકલેઈમ યોજના

શ્રી બાલાસિનોર નવયુવક મેડીકલેઈમ યોજના દ્વારા લાભ લેતાં કુટુંબોને જણાવવાનું કે મેડીકલેઈમના નવા સુધારા મુજબ હોસ્પિટલમાં દાખલ થયા પછી ૨૪ (ચોવીસ) કલાકની અંદર એજન્ટને જણાવી દેવાનું રહેશે અને હોસ્પીટલથી ઘરે ગયા પછી ૩ (ત્રણ) દિવસની અંદર તે વ્યક્તિએ ફાઈલ એજન્ટના ઘરે પહોંચાડવી પડશે અને જો તેનાથી તમે મોડા પડશો તો TPI તમારો કલેઈમ પાસ કરશે નહિ તો સંસ્થા જવાબદાર રહેશે નહિ.

**- મંત્રી ભાવેશ મોદી**

**સંયોજક - ભરત પરીખ - ૯૮૬૯૧૦૨૬૧૮**

# Shree Balasinor Pragati Samaj

**Balasinor.pragatisamaj@gmail.com**

Community Members are informed that the DVD's of following Seminars, so far held by Program & Event Management Committee, are available in limited quantities on a token amount of Rs. 200 each.

| Date of Seminar held | Chief Gust & Hon. Speaker |
| --- | --- |
| **1. January 5, 2010** | **Shri Rajesh Shah** |
| **2. July 04, 2010** | **Shri Nikhil Desai** |
| **3. February 13, 2011** | **Shri Nishith Shah** |
| **4. August 28, 2011** | **Dr. Shishir Gandhi** |
| **5. March 25, 2012** | **Ms. Darshna Kadakia** |

DVD's can be collected from the ofiice of Shri Balasinor Pragati samaj at Kalabadevi, Mumbai - 400 002.

The Program & Event Management Committee is pleased to announce the names of following four Telents who have offered to extend their cooperation in forming a group of 40/50 Talents from our community in the recent Seminar which was held on Sunday, March, 25, 2012 at Status Restaurant, Nariman Point, Mumbai.

1. **Shri Nishith R Shah (Chakva) ..... M.S. (Met)**
2. **Shri Roneil N. Parikh (lai) ..... M.B.B.S.**
3. **Shri Pankil N. Dharia (dalal) ..... B.S. (Elec.), B.S. (Biology)**
4. **Smt Sukruti Kadakia ..... M.S.**

It has been decided to get very limited data of our community Talents with only one Criteria, i.e. He /She must be a Post Graduate. There is no bar on age limit to join the group.

So friends, it is a golden opportunity to join the group.

So friend, it is a golden opportunity to join the Talents Group and request you all to forward following information per return of mail.

1. Full Name with Khij, if possible, and Address.
2. Mobile No. & Qualification
3. Email address which is generally referred by you.

Please forward above information to balasinor.pragatisamaj@gmail.com

Thank you

**Pankaj Dharia, Convener - Program & Event Management**

**Daxesh Kadakia / Rajendra Desai - Hon. Secretaries**

## Shree Balasinor Navyuvak Sangh

### Shri Natverlal Chunilal Mody

### (Jansathi Cricket Tournament 2011-12)

**2nd MATCH - 29-1-2012 Kinjal Parikh v/s Shiten Kadakia.**

Played at Oval Maidan: Sachivalay pitch. 40 overs match.

Toss won by Kinjal Parikh. (Batted First)

Kinjal Parikh's team - 205 for 10 in 39 overs. (Batting : Vishal Jariwala 86, Sohil Desai 22, Kinjal Parikh 23, Nihar Kadakia 28. Bowling: Samir R. Desai 3 for 35, Nirav Desai 2 for 45.)

Shiten Kadakia's team - 196 all out in 34.4 overs. (Batting: Apurv Dharia 58, Divya Kadakia 24. Bowling: Vivek Gupta 4 for 41, Vishal Jariwala 3 for 46, Kinjal Parikh 4 for 38, Nihar Kadakaia 3 for 37.)

Man of the Match : VISHAL JARIWALA (scored 86 runs & took 3 wickets.)

Kinjal Parikh's team won by 8 runs.

**3rd MATCH - 12-2-2012 Ashwin Karkera v/s Shiten Kadakia.**

Played at Oval Maidan: Sachivalay pitch. 40 overs match.

Toss won by Shiten Kadakia (Batted First)

Shiten Kadakia's team - 255 for 6 in 40 overs. (Batting : Samir Mody 43, Shiten Kadakia 49, Apurv Dharia 36*, Ritesh Kadakia 71. Bowling: Sandeep Dharia 2 for 53, Sachit parikh 2 for 26.)

Ashwin Karkera's team - 84 all out in 15 overs. (Batting: Sandeep Dharia 23. Bowling: Mitesh Dharia 2 for 13, Nirav Desai 5 for 19.)

Man of the Match : RITESH KADAKIA (secored 71 runs.)

Shiten Kadakia's team won by 171 runs.

**4th MATCH 10-3-2012 Kinjal Parikh v/s Ripal Parikh.**

Played at Cross Maidan: M. B. Union pitch. 40 overs match.

Toss won by Kinjal Parikh. (Bowled First)

Ripal Parikh's team - 250 for 10 in 40 overs. (Batting: Jimish Desai 72, Dipen Mody 31, Daishik Desai 26, Ripal Parikh 26, Rakesh Dharia 33*. Bowling: Vishal Jariwala 2 for 46, Jiger parikh 3 for 42.)

Kinjal Parikh's team: 211 all out in 34.3 overs. (Batting: Vishal Jariwala 55, Rohan Dharia 33, Jigar Parikh 49, Bowling: Shamik Shah 4 for 36, Ripal Parikh 4 for 28, Utsav Modi 3 for 31.)

Man of the Match : Jimish Desai (scored 72 runs.)

Ripal Parikh's team won by 39 runs.

**BNS CONVENOR - CHIRAG PARIKH**

**BNS SECRETARY - BHAVESH MODI**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના (૨૦૧૨-૧૩)

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને

બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ - ૪ સાઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન　　અને　　ફુલ સાઈઝ નોટબુક ૧૦૦ રૂ. ડઝન**

**આ વેચાણ તા. ૨૭-૫-૧૨ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ આરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪

**સમય :** સોમવાર થી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.

**નોંધ :** દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ** :

(૧) **શ્રી હેમાશું હરીશચંદ્ર દેસાઈ :** ૯/૧૨ ઘાસવાલા બીલ્ડીંગ, રૂ.નં.૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૬૯
**સમય :** સમવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) **પરીખ કોકીલાબહેન હીરાલાલ (ડાબલી) :** ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વે), મુંબઈ - ૪૦૦૦૬૭,
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સીવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ મોદી**　　　　**સંયોજક : સુનીલ મોદી**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના (૨૦૧૨ - ૨૦૧૩)

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૭-૪-૧૨ થી ૩૦-૫-૧૨ સુધી સંસ્થાની ઓફિસમાં સંપુર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૩-૬-૨૦૧૨ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકોજ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનીવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : ભાવેશ મોદી**　　　　**સંયોજક : સુનીલ મોદી**

## SHREE BALASINOR NAVYUVAK SANGH

# BNS LALKHA BERA

### T 20 TOURNAMENT 2011-2012

### OPENING CEREMONY OF THE TOURNAMENT:

B.N.S. Lalkha-Bera T 20 tournament Opening & 1st & 2nd match was held on 17-3-2012

Saturday & finals on 18-3-2012, at Sachivalay pitch Oval Madian. BNS cricket Convenor SHRI Chirag Parikh gave a vote of thanks of SHRI Dilip Dharia (Lalkha) & Shri Rupin Kadakia (Bera) for their kind donation for B.N.S. Lalkha - Bera T-20 toumament and welcome other donors & the Office bearers present.

Members present at the Opening Ceremony of B.N.S. Lalkha-Bear T 20 Tournament:

1. B.N.S. PRESIDENT -
   SHRI KALPESH DHARIA
2. B.N.S. VICE-PRESIDENT -
   SHRI SAUMIL MODY
3. B.N.S. SECRETARY -
   SHRI BHAVESH MODI
4. B.N.S. JOIND SECRETARY-
   SHRI JASMINE SHETH.
5. B.N.S. LALKHA-BERA DONER :
   SHRI DILIP DHARIA (LALKHA)
6. B.N.S. LALKHA-BERA DONER:
   SHRI RUPIN KADAKIA

**B.N.S. LALKHA-BERA DONORS:** SHRI DILIP DHARIA & SHRI RUPIN KADAKIA declared the tournament open. B.N.S. Cricket Convener & Committee are highly obliged to all the members present on the ground at the time of LALKHA-BERA T-20 tournament opening ceremony.

Sincere thanks to:

1. Shri Dilip Dharia - Lalkha & Shri Rupin Kadakia-Bera for their kind donation & prize money (Rs. 5000 each.)
2. Smt. Manoramaben. H. Dharia (Suratwala) (Bharat Asbestors & Rubber Co. Shri Aplesh Dharia) for sponsoring T. Shirts for BNS Lalkha-Bera T-20 to all the 4 team players.
3. Shri Chintak Parikh (Bakhali) for sponsoring colored caps to all the 4 team players.

The match summary of this tournament will be published in next edition of jyoti punj.

**BNS CONVENOR - CHIRAG PARIKH**

**BNS SECRETARY - BHAVESH MODI**

# SHREE BALSINOR NAVYUVAK SANGH

## Smt. Taraben Ratilal Parikh Administrative office

118/120, Ardeshar Dady Street, V.P. Road, Mumbai - 400004, Tel : 23887006

**Shri Manojbhai - Shri Amrishbhai Kacharia Concessional Rate Note Book Scheme (2012-2013)**

To,
The Seceretary
Shree Balasinor Navyuvak Sangh
Mumbai - 400 004
May I request you to deliver the Notebooks as per Order as follows:

| S.No. | Description | std. | Qty.in Doz Req. | Qty.in Doz Del. | Amount |
|---|---|---|---|---|---|
| 01. | A4 size Collage Book@150/- p. Doz | | | | |
| 02. | Full size Note Book @ 100/- p. Doz | | | | |

**Name of Student :** ____________________ **Vasti Patrak No.** ________

**Address :** ______________________________

______________________________ **Tel No :** ____________

### TERMS & CONDITIONS

1. Mark Sheet copy and or Hall ticket copy must be attached with the form.
2. Note books will be delivered till stocks lasts, maximum quantity per students as mentioned below:

std:1 to 5 : 2/3 Doz. Full Size book, Std. 6 to 10 2 Doz A-4 Size, FY, ST, TY : 1.1/2 Doz. A-4size, Medical & Engineering: 3 Doz., A-4 Size

Delivery Centers

**From Colaba to Bandra** : Shree Balasinor Navyuvak Sangh, V.P.Road, 118/120 Ardeshar Dady Street, Mumbai - 4, 2.00 P.M. to 7.00 P.M. (Monday to Saturday 9.30 A.M. on Sunday. wednesday Closed.

**From Khar to Andheri** : Desai Himanshu Harishchandra, 9/12, Ghaswala Bldg. R.No.5, Opp Police Station. M.V.Road, Andheri (E), Mumbai - 400069 10 A.M. to 12.30 A.M. Only on Sunday.

**From Jogeshwari to kandivali** : Parikh Kokilaben Hiralal (Dabli), 24/A, Kailash Nagar, Shankar Galli, Kandivali (W), Mumbai - 400 067, 10 A.M. to 12.30 A.M. Only on Sunday

**From Borlivali to Virar** : Shah Hemendra Ramanlal (Chakwa), C-3/302 Sumer Nagar, S.V.Road, Borivali (W), Mumbai - 92, 10 A.M. to 12.30 A.M. Only on Sunday.

**Bhavesh Mody (Hon. Secretary)** **Sunil Mody (Convener)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૦મી બેઠક તા. ૩૧.૩.૨૦૧૨ ના રોજ શનીવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ સંસ્થાની ઓફીસ ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ) ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતાં.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન બીપીન શેઠ એ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના શ્રીજી મેડીકલેઈમના સંયોજક શ્રી ભરત પરીખ, ક્રિકેટના સંયોજક શ્રી ચીરાગ પરીખ, ઉપનગર વિભાગના સંયોજક શ્રી નીમીષ ગાંધી, મહિલા વિભાગના સંયોજક શ્રીમતી કુંજુબેન શાહ, કોમ્પ્યુટર વિભાગના સંયોજક શ્રી સમીર ગાંધીએ એમનો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શૈલેષ કડકીઆની ખાલી પડેલ બેઠક માટે શ્રી જગદીશ પરીખનું નામ સુચન કરવામાં આવ્યું હતું. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ચલો બાલાસિનોર પ્રવાસ માટે શ્રી જીગર મણીકાન્ત કડકીઆ અને હોસ્પીટલ અને સ્વાસ્થય યોજના માટે શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી (ઉપપ્રમુખ)ના નામનું સુચન કરવામાં આવ્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

કુલ ૯૫ આજીવન સભ્યોની નવી અરજી આવી હતી અને એક લીવની અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૮મી બેઠક તા. ૨૨.૨.૨૦૧૨ના રોજ બુધવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ ગેરહાજર હોવાથી ઉપપ્રમુખ શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદીના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન બીપીન શેઠએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી રસીકલાલ ચંદુલાલ સરકાર રાહત યોજના તથા શ્રી મનોજભાઈ અને શ્રી અંબરીશભાઈ કન્શેસન નોટબુક યોજનાના સંયોજક શ્રી જાસ્મીન શેઠ તથા બી.પી.એલ. ક્રીકેટના સંયોજક ગેરહાજર હોવાથી શ્રી ચીરાગ પરીખે હિસાબ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ (રંગુનવાલા) ઉપનગર વિભાગના સંયોજક શ્રી નીમીષ ગાંધીએ તેમનો બીજો પ્રોગ્રામ નાટક ''આમ પુછીને થાય નહી પ્રેમ'' તા. ૧૧.૩.૨૦૧૨ના રોજ પ્રબોધન ઠાકરે હોલ (બોરીવલી) ખાતે ભજવાશે. એમણે સહુને આમંત્રણ આપ્યું હતું.

સંસ્થાની અસામાન્ય સભા તા. ૨૨. ૩. ૧૨ના રોજ રાખવાનું નક્કી કરાયું હતું.

કુલ ૧૩ લીવ અરજી આવી હતી. એ સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

ઉપપ્રમુખ એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૯મી બેઠક તા. ૨૭.૩.૨૦૧૨ના રોજ મંગળવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ) ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન બીપીન શેઠ એ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) પુસ્તક યોજનાના સંયોજક શ્રી દીપક શાહ તથા જ્યોતિપુંજના તંત્રી ગેરહાજર હોવાથી ખજાનચી શ્રી નીકેશ ગાંધીએ હીસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નીકેશ ગાંધીએ વાર્ષિક બજેટ રજુ કર્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના સભ્ય શ્રી શૈલેશભાઈ નટવરલાલ કડકીઆ (ધંગેલા) એ તેમનું રાજીનામુ આપ્યુ હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી તેમને આપેલી ૨૫ થી ૨૭ વર્ષની સેવાનો આભાર માન્યો હતો.

બંધારણની નવી સ્કીમની જોગવાઈ પ્રમાણે જ કો.ઓપ્ટ મેમ્બરો હોવા જોઈએ. એક કો.ઓપ્ટની જગા ખાલી હોવાથી શ્રી જીગર મણીકાન્ત કડકીઆનું નામ સુચવવામાં આવ્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

કુલ ૩ નવી આજીવન સભ્યોની અરજી આવી હતી અને ૧ લીવની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

## અસામાન્ય સભા

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની અસામાન્ય સભા તા. ૨૨.૩.૨૦૧૨ના રોજ ગુરૂવારે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મીટીંગ હોલ (પ્રગતી સમાજની ઓફીસ) સાંજે ૬.૩૦ કલાકે મળી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)એ સૌને આવકાર આપ્યો હતો અને નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

૧) બંધારણની નવી સ્કીમ અમલમાં મુકવી.
બંધારણની નવી સ્કીમના સંયોજક શ્રી વસંતભાઈ પરીખ (કુવાવાળા) એ નવી સ્કીમ રજુ કરી હતી. એ ચર્ચા વિચારણા કર્યા બાદ સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી. પ્રમુખશ્રીએ બંધારણ સમિતિના સંયોજક શ્રી વસંતભાઈ પરીખ (કુવાવાળા) અને તેમના સમિતિના સભ્યો સર્વ શ્રી રસીકભાઈ મોદી (દેવ), શ્રી પી.એમ. ધારીઆ, શ્રી સતીષભાઈ પરીખ (રોકડીયા), શ્રી પરેશભાઈ મહેતા તથા શ્રી ઉશનશભાઈ કચેરીયાનો આભાર માન્યો હતો.

૨) ઉપનગર ખાતે નવી બ્રાન્ચ ઓફીસ લેવા માટે.
ઉપનગર ખાતે બ્રાન્ચ ઓફીસ લેવા માટે શ્રી સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) એ કાંદીવલી સીમ્પોલી ખાતે તેમના લીધેલા નવા પ્લોટમાં નવા મકાનમાં કન્સ્ટ્રકશન દામે આશરે રૂા. ૨૫ લાખ (રૂપિયા પચીસ લાખ) માં કુલ ૭૦૦ થી ૭૫૦ સ્કે. ફુટ ફીટ જગ્યા આપવાનું એલાન કર્યું હતું તે સહુએ વધાવી લીધી હતું.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) પ્રાથમિક શાળાના

નવનિર્મિત મકાનમાં સરસ્વતી દેવીની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા તા. ૩-૩-૧૨ને શનિવારના દિને, દાતાશ્રી મહેશભાઈ કડકીઆ (બનડા)ના વરદ હસ્તે કરવામાં આવી હતી. પ્રાર્થના અને સ્વાગત ગીત જે.વી. દેસાઈની વિદ્યાર્થીનીઓએ રજૂ કર્યા.

આ પ્રસંગે મંડળના હોદેદારો, ટ્રસ્ટીઓ, સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ અને મુંબઈવાસી તેમજ સ્થાનિક નગર શ્રેષ્ઠીઓ ખાસ નિમંત્રણથી હાજર રહ્યા હતા.

કોમ્પ્યુટર્સ માટે રૂા. ૫૦,૦૦૦/- અને કુલ ૫૪ બાંકડાઓ માટે મળેલ અને મળવાપાત્ર દાન.

આ પ્રસંગે બધી જ શાળાઓમાં બાંકડા મૂકવા માટે કરેલી અપીલના પ્રતિસાદમાં બાંકડા દીઠ રૂપીયા ૧૬૦૦/- ના હિસાબે એકંદર ૩૯ બાંકડાઓની નોંધણી થઈ હતી. આ અગાઉ વ્યક્તિગત સંપર્ક દ્વારા બીજા ૧૭ બાંકડા માટે દાન મળ્યા છે.

ઓસ્ટ્રેલીયા નિવાસી, બાલાસિનોરના વતની શ્રી હર્ષદ રમણલાલ દેસાઈએ (મેનપુરવાળા) પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર્સ વસાવવા માટે રૂપીઆ પચાસ હજારનું દાન આપવાની જાહેરાત કરી હતી.

**લિ. - મંત્રીઓ : જતીન દેસાઈ, ચંદ્રકાંત દેસાઈ**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ દાન માટે અપીલ

આ પૂર્વે ઓ.જે.દેસાઈ પ્રાથમિક શાળાના બાકી વર્ગખંડો તેમજ કોમ્પ્યુટર્સ માટે કરેલી અપીલનું અમે અત્રે પુનરાવર્તન કરીએ છીએ.

૧. આચાર્ય ખંડના નામકરણ માટે રૂા. ૨,૫૦,૦૦૦/-
૨. પહેલા માળે વર્ગખંડના નામકરણ માટે રૂા. ૨,૫૦,૦૦૦/-
૩. ટેરેસ પર સ્ટોરરૂમના નામકરણ માટે રૂા. ૨,૫૦,૦૦૦/-
૪. ૨૦ કોમ્પ્યુટર્સ માટે રૂા. ૩,૦૦,૦૦૦/-
૫. આચાર્ય ખંડ / વર્ગખંડના સાધનદાન માટે દરેક રૂમ દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/-

અમને આશા અને શ્રદ્ધા છે કે આપ સૌ ઉદારદિલ દાતાઓ અમારી અપીલનો ત્વરિત યોગ્ય પ્રતિસાદ જરૂર આપશો જ.

આ સિવાય :

૧. પી. વી. વિદ્યાલયના સંકુલના નામકરણ માટે રૂા. ૧૦,૦૦,૦૦૦/-
૨. જે. વી. દેસાઈ અને ઓ. જે. દેસાઈના સંયુક્ત સંકુલના નામકરણ માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/-

અથવા

- ત્રણે શાળાઓના સંયુક્ત સંકુલના નામકરણ માટે રૂા. ૩૦,૦૦,૦૦૦/-

**નોંધ :** ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલના કોમ્પલેક્ષ માટે તરુબેન તથા પ્રફુલ્લશેઠ તરફથી રૂા. ૧,૫૦,૦૦૦/-નું દાન મળ્યું છે. દાતાઓનો આભાર.

## સર્વોદય હોસ્પિટલનું દાન :

મંડળના વાર્ષિક અહેવાલમાં સર્વોદય હોસ્પિટલના શ્રી અમીતભાઈ પટેલે રૂા. ૧,૧૧,૧૧૧/- ના દાન માટે આપેલ વચનની નોંધ સરતચૂકથી લીધી નથી તે બદલ દિલગીરી વ્યક્ત કરીએ છે. તેઓશ્રીએ શાળાના લોકાર્પણના કાર્યક્રમમાં જાહેરાત કરી હતી. **- મંત્રીઓ**

## કે. એમ. જી. જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

તા. ૨-૩-૧૨ના રોજ રાષ્ટ્રીય દ્રષ્ટિ વિહિનતા નિવારણ સમિતિ પંચમહાલ શાખા ગોધરા તરફથી ડાયાબીટીસથી આંખોના પડદાને થતા નુકશાન અંગે જરૂરી તપાસ માટે એક કેમ્પ યોજવામાં આવેલ. જેમાં ૧૨૮ પેશન્ટને તપાસી જરૂરી સલાહ સૂચન આપવામાં આવેલ. ચાર દર્દીઓને લેસરથી જરૂરી સારવાર ફ્રી આપવામાં આવેલ.

તા. ૧૩-૩-૧૨ના રોજ તરૂલતાબેન મોદી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી સર્વરોગ નિદાન કેમ્પ કરવામાં આવેલ એમાં કુલ ૬૨૬ દર્દીઓને તપાસી ૫૩૧ દર્દીઓને દસ દિવસની રૂપિયા ૨૯૭૩૯/-ની દવા ફ્રી આપવામાં આવેલ છે.

તા. ૧૫-૩-૧૨ના રોજ શ્વાસના રોગોનો નિદાન કેમ્પ યોજવામાં આવેલ. જેમાં કુલ ૪૩ કેસ રજીસ્ટર થયેલ જેમાં લુપીન કંપની તરફથી જરૂરી દવાઓ તથા પી.એફ. ટી. ટેસ્ટ ૩૫ ફ્રી કરવામાં આવેલ. હોસ્પિટલ તરફથી ૨૩ દર્દીઓને ૧૬૨૨/-ની દવા ફ્રી આપવામાં આવેલ.

### ડાયાબિટીસ નિદાન કેમ્પ :

શ્રીમતી કુસુમબેન રસિકલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબિટીસ કેમ્પ ડૉ. શિશિરભાઈ ગાંધી તથા તેઓના ડૉકટરની ટીમના સહયોગથી તા. ૧૮-૩-૧૨ના રોજ હોસ્પિટલમાં યોજવામાં આવેલ. જેમાં ૧૯૨ પેશન્ટ રજીસ્ટર થયેલ તે પૈકી ૧૬૭ પેશન્ટને લેબોરેટરી તથા દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ છે. ૩૧ દર્દીઓના HBA1C ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ છે તથા ચાર દર્દીઓને ઈકો તથા ૧૧ દર્દીઓને ઈ. સી. જી. ફ્રી કરવામાં આવેલ છે. કુલ રૂા. ૪૯૬૫૦/-ની માફી કરવામાં આવેલ છે.

### ગૌશાળા માટે નીચે મુજબની તિથિ મળેલ છે

૧. ભારતીબેન રવિન્દ્રભાઈ કડકીઆ (ફાડીઆ)
૨. પરીખ ચન્દ્રકાંત કોદરલાલ (C.K.)
૩. પારેખ અરૂણાબેન સુરેશચંદ્ર (સાડીવાલા)
૪. શાહ પ્રેમીલાબેન ચન્દ્રકાંત (હાથીખાનાવાલા)
૫. પરીખ કુસુમબેન પુનમચંદ (અધોલી) ત્રણ તીથી
૬. પારેખ ચંદ્રીકાબેન પ્રવિણચંદ્ર
૭. કડકીઆ નલીનીબેન યોગેશચંદ્ર (ઠાસરાવાળા)
૮. દેસાઈ નવીનચંદ્ર મોહનલાલ (પેઢીવાળા)
૯. પારેખ કુસુમબેન કીરતનલાલ
૧૦. કડકીઆ મણીલાલ અમૃતલાલ (બટલા)
૧૧. દેસાઈ શારદાબેન રમણલાલ (બારીઆવાલા)
૧૨. રાજેશ જેઠાલાલ ગાંધી
૧૩. જયપ્રકાશ નવીનચંદ્ર કડકીઆ
૧૪. રજનીકાન્ત ઓચ્છવલાલ ધારીઆ (પેઢીવાલા)
૧૫. કમલાબેન મુળજીભાઈ ધારીઆ લાલખા (હ. રશમીબેન)
૧૬. મુળજીભાઈ ચંદુલાલ ધારીઆ (લાલખા) (હ. રશ્મીબેન)

લી. જગદીશ ધારીઆ.

### બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી.

**ફોન નં. ૨૩૮૮૭૬૮૯ : ૨૩૮૮૬૧૧૬**

**મુગભાટ લેન, ગિરગામ**

સિઝનમાં ભરવા માટેનાં શિહોર પી.સી. ઘઉં એ, બી, સી, ક્વોલીટીમાં આવી ગયા છે.

કાતરી વેફર વિ. પણ બાલાસિનોર થી મંગાવ્યા છે.

ચ્યવનપ્રાસ નો પણ નવો સ્ટોક આવી ગયો છે. મેનેજમેન્ટ વતી જે જે શ્રી ગોકલેશ.

# ફેબ્રુઆરીના અંકમાં છપાયા પછી નોંધાયેલ/મળેલ દાન વચનની યાદી

| | |
|---|---|
| સ્વ. મંજુલાબેન પરસોત્તમભાઈ પટેલ અને લલ્લુભાઈ પરસોત્તમભાઈ પટેલના સ્મરણાર્થે મિનાબેન લલ્લુભાઈ પટેલ તરફથી | ૧૫૧૦૦૦ |
| બાલાસિનોર દુધ ઉત્પાદક મં.લી. | ૧૧૧૧૧૧ |
| હજયાણી ખાતુનબેન અબ્દુલગફુર (લાલ) અને હાજી અબ્દુલગફુર ઈસ્માઈલભાઈ (લાલ) | ૧૦૫૦૦૦ |
| સ્વ. શંકરભાઈ સોમાભાઈ પટેલના સ્મરણાર્થે શ્રી કાંતિલાલ શંકરલાલ પટેલ તરફથી | ૧૦૧૦૦૦ |
| છોટાભાઈ સોમાભાઈ પટેલના નામે શ્રી સંજયભાઈ સોમાભાઈ પટેલ (અંબિકા હાર્ડવેર સ્ટોર) તરફથી | ૧૦૧૦૦૦ |
| શ્રી સુભાષભાઈ મનુભાઈ પટેલ | ૧૦૧૦૦૦ |
| ડાહીબેન લલ્લુભાઈ મોદીના નામે શ્રી મધુબેન નવીનચંદ્ર અને ભાવનાબેન કૌશિકભાઈ મોદી તરફથી | ૧૦૧૦૦૦ |
| હાજી અબ્દુલગની હાજીઈસ્માઈલભાઈ, હાજીયુસુફભાઈ હાજીઈસ્માઈલભાઈ અને હાજી અબ્દુલરસીદ હાજી ઈસ્માઈલભાઈ હ. હજીયાણી હલીમાબેન હાજી ઈસ્માઈલભાઈ અને હાજી ઈસ્માલભાઈ હાજી મહમંદભાઈ | ૧૦૧૦૦૦ |
| હજીયાણીરહેમતબેન હાજીયુસુફભાઈ અને હાજી યુસુફભાઈ હાજીસુલેમાનભાઈ (ચોકસી) | ૧૦૦૦૦૦ |
| રોશની હાર્ડવેર હ. હાજીઈલ્યાસભાઈ અબ્દુલરજાક | ૧૦૦૦૦૦ |
| મર્હુમ અમીનાબેન હાજીઉસ્માનગની અને મર્હુમ હાજીઉસ્માનગની હાજીમહંમદભાઈ (ગંટીવાલા)ની યાદમાં મહંમદતાહીર ઉસ્માનગની શેખ તરફથી | ૧૦૦૦૦૦ |
| અમીતભાઈ કનુભાઈ પટેલ (બડવા) (ગણેશ હાર્ડવેર) | ૧૦૦૦૦૦ |
| એક અનામી દાતા | ૧૦૦૦૦૦ |
| ચંદ્રકાંતભાઈ મોતીભાઈ પટેલ (હીપોલીનવાળા) | ૧૦૦૦૦૦ |
| કાશીબેન ભીખાલાલ પટેલ અને ભીખાભાઈ શંકરભાઈ પટેલ (પાપડી) | ૧૦૦૦૦૦ |
| ચંદાબેન ઓચ્છવલાલ કડકીઆ (લટકારી) | ૧૦૦૦૦૦ |
| નવનીતલાલ ઓચ્છવલાલ પરીખ હ. નીશીથભાઈ અને નીખીલભાઈ પરીખ | ૧૦૦૦૦૦ |
| રોડ ટ્રાન્સપોર્ટ કો. ઓ. સોસાયટી લી. | ૫૧૦૦૦ |
| વીકાસ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. | ૫૧૦૦૦ |
| હાજીઅબ્દુલસત્તાર ઈસ્માઈલભાઈ (લાલ) અને હજીયાણી બીલ્કીશબાનું હાજીસત્તારભાઈ શેખની યાદમાં મહંમદસફી તરફથી | ૫૧૦૦૦ |
| જયંતીભાઈ મંગળભાઈ પટેલ (બીલ્ડર) | ૫૧૦૦૦ |
| શ્રી મણીકાંત સી. કડકીઆ | ૩૧૦૦૦ |
| શાંતીલાલ કોદરલાલ પંચાલ (જનોડવાળા)ની યાદમાં અનીલકુમાર શાંતીલાલ પંચાલ અને હેમંતકુમાર શાંતીલાલ પંચાલ | ૨૫૦૦૦ |
| ચેલારામ થાવરદાસની યાદમાં તોલારામ, કેશુભાઈ ચેલારામ, શ્રી જલારામ જનરલ સ્ટોર | ૨૫૦૦૦ |
| સુરેન્દ્રભાઈ રમણલાલ દેસાઈની યાદમાં હેતલબેન સુરેન્દ્ર દેસાઈ | ૨૫૦૦૦ |
| હાજીગફુરભાઈ હાજીઅજીમભાઈ મીસ્ત્રીની યાદમાં હાજીરસીદભાઈ ગફુરભાઈ મીસ્ત્રી તરફથી | ૨૫૦૦૦ |
| હાજીભુલાભાઈ રસુલભાઈ ટીંબાવાલાની યાદમાં ઈબ્રાહીમભાઈ ટીબાવાલા મીસ્ત્રી તરફથી | ૧૧૧૧૧ |
| ભરતભાઈ રમણભાઈ કાછીયા (મુન્નાભાઈ ભજીયાવાળા) | ૫૦૦૦ |

## ફેબ્રુઆરીના અંકમાં છપાયા પછી નોંધાયેલ / મળેલ સ્ટીલ બેંચ દાન વચનની યાદી

શ્રી જતીનભાઈ દેસાઈ
શ્રીમતી હેમા વિનીતભાઈ મોદી (દેવ)
શ્રીમતી શીલ્પા ઉર્વીશભાઈ મોદી (દેવ)
સ્વ. કુસુમબેન કીરતનલાલ પારેખની સ્મૃતિમાં –
હસ્તે. શ્રી કીરતનલાલ મણીલાલ પારેખ
શ્રી રાવજીભાઈ બેચરભાઈ પટેલ
શ્રીમતી કપીલાબેન રાવજીભાઈ પટેલ
સ્વ. લીલાબેન પ્રવીણચંદ્ર કચેરીઆ હસ્ત. શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ કચેરીઆ
બીજલ-આશિષ બાલાસુબ્રમનીયન
શ્રી વીપીનચંદ્ર ઓચ્છવલાલ મોદી (ઠાસરાવાળા)
શ્રી અનામી મિત્ર મંડળ તરફથી
શ્રીમતી મીનાક્ષી અતુલભાઈ કડકીઆ હ. સેજલ
શ્રીમતી મીનાબેન દક્ષેશભાઈ કડકીઆ (લટકારી)
શ્રીમતી રીટાબેન મીનીષભાઈ કડકીઆ (લટકારી)
શ્રીમતી અનસુર્યાબેન કચરાલાલ દોશી
હ. વિભાબેન અને પરેશભાઈ
ડૉ. કેતન ગોપાલદાસ શાહ (ગુંથરીવાળા)
હ. ગોપાલભાઈ
શ્રી અશોક કાંતિલાલ પરીખ
શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ભટ્ટી)
હ. સુધીરભાઈ મોદી
સ્વ. કિર્તનલાલ મગનલાલ પરીખ હ. ભરતભાઈ
શ્રી ચંદ્રકાંત ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા)
રેફ. બાબુભાઈ
શ્રી પ્રવીણચંદ્ર વલ્લભદાસ ધારીઆ (લાલખાં)
શ્રીમતી સુર્યાબેન રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા)
શ્રી કૌશિકભાઈ કાંતિલાલ કડકીઆ
શ્રી અજયભાઈ કાંતિલાલ કડકીઆ
બિંદી ચેતન ધારીઆ -
હ. લીલાબેન રમણિકલાલ ધારીઆ
શ્રીમતી પ્રાચી ધારીઆ સીંગ હ. લીલાબેન રમણિકલાલ ધારીઆ
શ્રી અભય સીંગ હ. લીલાબેન રમણિકલાલ ધારીઆ
શ્રીમતી રાગીણી અશોકભાઈ શાહ (ભઈલો)
શ્રીમતી શાંતાબેન કિર્તનલાલ ગાંધી હ. નીતાબેન ગાંધી
સ્વ. અશોક કિર્તનલાલ ગાંધી હ.નીતાબેન ગાંધી
શ્રીમતી શાંતાબેન રસિકલાલ પરીખ હ. નીતાબેન ગાંધી
ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) પરિવાર
શ્રીમતી તરૂબેન પ્રફુલ્લભાઈ શેઠ
ચંદનબેન મણીલાલ ગાંધી
સહયોગ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., બાલાસિનોર
શ્રી ગણેશ શ્રોફ, બાલાસિનોર
હ. શ્રી મનોજભાઈ મંગળભાઈ પટેલ (બળવા)
તારાબેન મોહનલાલ દેસાઈ
શ્રી નગીનદાસ લાલચંદ પારેખ
સ્વ. રતીલાલ વલ્લભદાસ પરીખ
હ. ડૉ. સુરેન્દ્ર રતીલાલ પરીખ
તારાબેન રતીલાલ પરીખ હ. ડૉ. સુરેન્દ્ર રતીલાલ પરીખ
શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ભટ્ટી)
હ. સુધીરભાઈ મોદી
શીતલ હ. મીરાબેન ચંદ્રકાન્ત દોશી
સ્વ. મણીબેન પુનમચંદ શાહ (વાઘ કડકીઆ) હ. દીનેશભાઈ
સુભદ્રાબેન રસીકલાલ દેસાઈ
પુનમચંદ લલ્લુભાઈ મોદી હ. કલ્પનાબેન મોદી

**મંત્રીઓ : રાજેન્દ્ર દેસાઈ - નિતિન પરીખ**

# Shree Vadasinor Dashanima Navyuvak Mandal Medical Trust

## Health Survey Camp :

**Dt., 18 th march 2011 Sunday, the camp was conducted at Balasinor Medical Center for Cheking of B.P. & Eye cheeckup.**

Total 110 persons registered there names for this camp. Metropolis laboratories has given this package to our trust at Rs. 850/- per person from which patient has to give only Rs. 300/- other expences are born by medical trust with the help of Doner Shri Jatin N. Desai, President of the mandal trust. He donated Rs. 51,000/- (Rs. Fifty One Thousand) for this camp.

A. Seminar was organised with the help of Dr. Akshay Sevak & Dr. Kinnari Sevak at Brahmakumari prthna hall. where renowed Dr. Pathak brife about the Diabetes & Prevention & cure for the same. Dr. Roshni a diatecian related to diabeterslso gave a very good information regarding control & spread over diet for the diabetic patient & gave Some good tips on diet as well as excericise for the same.

Brahmakumaris member pradeepbhai gave brife speech on health by doing spiritual yoga & awarness on stress. The saminor was attended by about 60 persons. The Seminor was conducted by Dr. Kinnari Sevak in a very informative way. Dr. Akshya Sevak also give good suggestion & awarness related to post - effect of high Diabetes.

Eyecheck was done honorory by Dr. Rajiv Parikh & Dr. D.M.Thakkar. Above all four Dr. Pathak, Dr. Roshni, Dr. Rajiv Parikh, Dr. D.M.Thakkar, Dr. Pradeepbhai were falicitated by office bearas with mementos. Sohiniben (secretary) gave vote of thanks. Snacks pkts, with bottle milk bottle was seved to all who attended the seminar.

Seceretary : Sohini Y. Kadakia, Paresh R. Parikh.

**(Pls. note we have published timing with date & time at our center. There are certain slots are available for our community Dr. Who wanted to have cabins for there consulting / visiting purpose. They can contact Dr. Kinnari Sevak for the Same.)**

**SHREE BALASINOR NAVYUVAK SANGH**

## BALASINOR PREMIER LEAGUE T-20 2011-12

Similar to the first year even this year we have selected the BPL TOP XV players of the 2nd edition. Every player will receive a trophy which has been co-sponsored by Shri Sanjay Mody & Shri Samir Mody of SHREEJI SALES CORPORATION.

**The BPL TOP XV players are as follows..**

1. KINJAL PARIKH, CHIRAG DESAI, DAXIT GANDHI, NIREN DHARIA, SAHIL DESAI, NITIN GANDHI, VISHAL JARIWALA, PANKAJ KADAKIA, KUNAL MODY, SAMIR R. DESAI, DHARAV PARIKH, ROHAN DHARIA, ASHWIN KARKERIA, SANDEEP DHARIA, & DAISHIK DESAI.

You will receive the message to collect your trophies.

**BPL CONVENOR - KINJAL PARIKH**
**BNS SECERETARY-BHAVESH MODY.**

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલીત**

## મેરેજ બ્યુરો

લગ્નોઉત્સુક યુવક-યુવતીને આથી વિદિત કરવામાં આવે છે કે ૬ઠ્ઠી મેના રવિવારના રોજ એક પરિચય સંમેલન યોજવાનો હોવાથી આપ સત્વરે આપના ફોર્મ, બાયોડેટા તેમજ બે કલર ફોટા સાથે સંસ્થાની ઓફીસ, કાલબાદેવી ૪૭/૪૯ બાબુગેનુ રોડ, મુંબઈ - ૨ ખાતે તા. ૩૧-૩-૧૨ સુધી મોકલાવશો. જો ફોર્મ ન ભર્યું હોય તો સંસ્થાની ઓફીસમાંથી કામકાજના સમય દરમ્યાન મેળવી લેશો.

**- સંયોજકઃ શ્રીમતી શીલ્પા ઉર્વીશ મોદી (દેવ)**

## હોસ્પીટલ તથા સ્વાસ્થ્ય યોજના સમિતિ

Saumil Jitendra Mody (Convener) Vice President.
Shailesh Natverlal Kadakia
Kaushik Kantilal Kadakia
Samir Jayendra Gandhi

**શ્રીમતી તારાબેન કિર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ હોસ્પીટલ સહાય યોજના તથા શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી સ્વાસ્થય યોજના અંગે અગત્યની જાહેરાત**

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃત્તીના અનુસંધાનમા ચાલુ વર્ષ (૨૦૧૨-૨૦૧૩) હોસ્પીટલ તથા સ્વાસ્થ યોજનામાં સહાય લેવા ઈચ્છુક સભ્યો ને નવા ફોર્મ તા. ૧૫-૪-૧૨ના રોજથી નીચે જણાવેલ એડ્રેસ પર થી મેળવી વિગતવાર ભરી ને મોકલવું.

**સોમિલ જીતેન્દ્ર મોદી :** શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ : ૧૬, નારાયણ ધ્રુવ સ્ટીટ, ૨જે માળે, બેગ મોહમદ સ્કુલની સામે. મુંબઈ - ૪૦૦ ૦૦૩, ટેન. ૨૩૪૨૬૩૧૬, સમય ૧૨ થી ૬

**- મંત્રી ભાવેશ મોદી, સંયોજક સોમિલ મોદી (ઉપપ્રમુખ)**

# વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

અર્થ સહાય લેનાર દરેક વિદ્યાર્થી, સમાજનું ઋણ ફેડવાની ઉદાત પ્રેરણા કેળવે અને દરિયાદિલ દાનવીરોની આપણી પરંપરા કાયમ રહે તે માટે વિદ્યોતેજક મંડળ, એક નવતર પહેલ કરવા માંગે છે. ભુતકાળમાં શિક્ષણ સહાય મેળવી, પ્રગતિ સાધી, દાતા તરીકે મંડળને આર્થિક પ્રદાન આપનાર સર્વે દાતાઓને મંડળ બિરદાવવા ઈચ્છે છે. આજ પર્યંતના આવાં સૌ દાતાઓને મંડળનાં હોદેદારોનો સંપર્ક સાધવા હૃદયપૂર્વક આમંત્રણ. આપ નિઃસંકોચ આગળ આવી ભાવિ પેઢી માટે પ્રેરણાદાયી બનશો, એનો અમને વિશ્વાસ છે.

દર વર્ષે મંડળ દ્વારા શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા પુરસ્કૃત Talent Appreciation Scheme યોજના અન્વયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં (Achievement in the field of Fine Arts, Music, Dance, Singing, Action, Sports, Literature etc.) નજીકનાં ભુતકાળ તેમજ ચાલુ વર્ષ દરમિયાન પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું વાડસોલ ગૌરવનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવે છે.

વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યું હોય કે આવી કોઈ વ્યક્તિ આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો. આ યોજનામાં દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પર જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે. આ યોજના અંગેની વધુ માહિતી જાણકારી અંગે આપ મંડળની કારોબારી સમિતિના સભ્યોનો સંપર્ક સાધી શકો છો. સમાજનાં તેજસ્વી સિતારાઓને પ્રકાશમાં લાવી, તેઓને જાહેર સન્માન દ્વારા બિરદાવવા માટે અને આપણા સમાજનું ગૌરવ વધારવા, આપ સૌને યોગ્ય માહિતી પાઠવવા જાહેર નિમંત્રણ.

## શૈક્ષણિક સહાય દાતાઓને અપીલ

આ વર્ષે પણ, શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂા.૧૦,૦૦૦/- ના વાર્ષિક યુનીટ ની દાતાઓને અપીલ કરીએ છે. આ રૂા. ૧૦,૦૦૦/- ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવશે. આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું. આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**સુધારો :** ગત અંકમાં મુદ્રણદોષ ને કારણે દાતાશ્રીનું નામ ભરત ઓચ્છવલાલ કડકીઆ (ફાડીયા) છપાયું હતું તે શ્રી ભરત ગોકલદાસ ઓચ્છવલાલ કડકીઆ (ફાડીયા) એમ વાંચવું. વિદ્યોતેજક મંડળ વતિ દાતાશ્રીની ક્ષમા યાચના.

**માનદ્ મંત્રીઓ - શરદ નટવરલાલ દેસાઈ**
**મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

## શ્રી બાલાસિનોર વૈષ્ણવ નગર

શ્રી બાલાસિનોર વૈષ્ણવનગરની ટુંક સમયમાં વધુ વિગત જ્યોતિપુંજ મારફતે જણાવવામાં આવશે.

**- શ્રી સુધીર ધારીઆ (રંગુનવાલા)**

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો. ક્રે. સોસાયટી લી.

## મોટરકાર ફાઈનાન્સ

સર્વે શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો,

૧. સર્હષ જણાવતા આનંદ થાય છે કે ગત વર્ષ દરમ્યાન, સોસાયટી દ્વારા બે શેરહોલ્ડર ભાઈઓની મોટરકાર ફાઈનાન્સની અરજીઓ મંજુર કરી ધીરાણ કરવામાં આવ્યું હતું.

દરેક શેરહોલ્ડરોને વિનમ્ર નિવેદન કે જો તે ઓ મોટરકાર લેવા ઈચ્છા ધરાવતા હોય. તો બીજે ક્યાંયથી ધીરાણ ન લેતા આપણી જ ક્રેડીટ સોસાયટી માંથી પોતાની મોટરકારનું ફાઈનાન્સ કરાવે.

મોટરકારની કુલ કીંમત ની ૭૫ ટકા રકમ અથવા તો વધુમાં વધુ રુ. પાંચ લાખ (બે માંથી જે રકમ ઓછી હશે) તે રકમનું ધીરાણ હાથ ધરવામાં આવશે.

ધીરાણ લેનાર શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો એ ધીરાણની અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજો તેમની અરજી સાથે સોસાયટીમાં સુપ્રત કરવા ફરજીયાત રહેશે.

- મોટરકાર ડીલરનું પ્રોર્ફોમા ઈનવોઈસ.
- ધીરાણ લેનાર ના પેન કાર્ડની નકલ તથા તેમના રહેઠાણ પ્રુફની નકલ. (રેશન કાર્ડ, પાસપોર્ટ)
- ધીરાણ લેનાર ના બેંક એકાઉટનું છેલ્લા મહિના નું સ્ટેટમેંટ.
- ધીરાણ લેનારના બે ફોટા
- બે જામીનદારો ની સહી

૨. આપણી સોસાયટી દ્વારા તા. ૧-૧-૨૦૧૨ થી રીકરીંગ ખાતા સ્વીકારવાનું ઠરાવેલ છે. જેના વ્યાજદરો તથા નિયમો નીચે મુજબ રહેશે.

**વ્યાજદરો**

- બે વર્ષ સુધીની મુદત માટે ખોલાવેલ ખાતા માં ૭ ટકા વ્યાજ ચુકવવામાં આવશે.
- બે વર્ષ થી વધુ સમયની મુદત માટે ખોલાવેલ ખાતામાં ૮ ટકા વ્યાજ ચુકવવામાં આવશે.

**નીયમો**

- પ્રત્યેક શેરહોલ્ડર ફક્ત એક જ ખાતુ ખોલાવી શકશે.
- રૂા. ૧૦૦/-, રૂા. ૨૦૦/-, રૂા. ૩૦૦/- રૂા. ૫૦૦/- અથવા રૂા, ૧૦૦૦/-ની રકમનાં ખાતા ૧૨, ૨૪, ૩૬, માસની મુદત માટે ખોલવામાં આવશે.
- હપ્તાની રકમ પ્રત્યેક માસની ૧૦ તારીખ સુધી જમા કરાવવાની રહેશે.
- રૂા. ૧૦૦૦/- નું ખાતું ખોલાવનારની રકમ ફક્ત ચેક દ્વારા સ્વીકારવામાં આવશે.
- અગાઉની જેમ ધીરાણ (લોન) સામે અલગથી રીકરીંગ ખાતુ ખોલાવવાનું રહેશે.

૩. આપણી સોસાયટી દ્વારા શેરહોલ્ડરોની જરૂરીયાત મુજબ નીચે મુજબના ધીરાણ (લોન) આપવામાં આવે છે. આપ સૌને વિનમ્ર નિવેદન કે આપની જરૂરીયાત મુજબ આપણી સોસાયટીમાંથી જ ધીરાણ પ્રાપ્ત કરી સોસાયટીની પ્રગતિમાં આપનો અમુલ્ય ફાળો નોંધાવશો.

- હાઉસીંગ લોન (વ્યક્તિ દીઠ રૂા. ૨,૫૦,૦૦૦/-) ૯.૫ ટકા પ્રતી વર્ષ
- હાઉસ રીપેરીંગ, રીનોવેશન એડયુકેશન તથા હોમ એપ્લાયનસીસ (વ્યક્તી દીઠ રૂા. ૨,૫૦,૦૦૦/-) ૧૦-૧૧ ટકા પ્રતી વર્ષ
- બીઝનેસ લોન (વ્યક્તિ દીઠ રૂા. ૨,૫૦,૦૦૦/-) ૧૨ ટકા પ્રતી વર્ષ

**ખાસ નોંધ :** ઉપર જણાવેલ નીયમો તથા દસ્તાવેજો સીવાય બીજા અન્ય નીયમો તથા જરૂરી દસ્તાવેજો માટે સોસાયટીના કાર્યાલયમાંથી જાણકારી પ્રાપ્ત કરવા વિનંતી. **માનદ્મંત્રી – શ્રી કૌશીકભાઈ કા. કડકીઆ, શ્રી મંજુલ શૈ. ધારીયા**

## બાલાસિનોર વિદ્યામંડળ
## પ્રશંસનીય મહાદાનઃ

આપણી અગ્રગણ્ય સંસ્થાને આદરણીય મુરબ્બી શ્રી પ્રવિણચંદ્ર મુળજીભાઈ ધારીઆ (C.A.)ની શુભેચ્છાથી એક સુસંસ્કૃત અને અતિ ભાવનાશીલ સજ્જન પરિવાર તરફથી રૂા. ૨,૦૦,૦૦૧/- અંકે રૂા. બે લાખ એકનું માતબર દાન કોલેજના આર્થિક રીતે નબળા પરંતુ અભ્યાસ માટે અતિ ઉત્સુક વિદ્યાર્થીઓ માટેની સંપૂર્ણ સંવેદના સાથે ખૂબજ ઉમદા હેતુ સાથે મળ્યું છે.

આ પરિવાર USA ખાતે સ્થાયી થયેલું છે અને પરિવારના મોભી આપણી કોલેજની મુલાકાતથી પ્રભાવિત થતાં આ મહાદાન ના સંકલ્પને અમલમાં મૂક્યો અને નામ નહીં આપવાની શરત સાથે ચેક સંસ્થાને સુપ્રત કર્યો.

આખી સૃષ્ટિ ઈશ્વરે બનાવી છે. ઉષા અને સંધના એટલા સુંદર રંગો આકાશમાં ભેટે છે પણ ક્યાંય પોતાનું નામ નથી આપતો આપણે એજ સંધ્યાનું એકાદ ચિત્ર બનાવીએ તો નામ લખ્યા વગર રહેતા નથી. સુર્યોદય સુર્યાસ્ત બધું જ કરનાર હોવા છતાં ક્યાંય નામ નથી.

શ્રેષ્ઠ માણસો જેવું આચરણ કરશે એને બીજા લોકો અનુસરશે. પૂર્વજ થવું ઘણું અઘરું છે. નિબુધ્ધ કે ઘેટાઓના પૂર્વજ થવું સહેલું છે. પણ બુદ્ધિમાન અને મહાપ્રજ્ઞાના પૂર્વજ થવું એ ખાવાના કામ નથી.

આપણે માણસને ઓળખતા નથી ભગવાનને ઓળખીએ છીએ. કોઈ માણસ આપણને ક્યારે આપશે? ભગવાને મોકલ્યું હોય તો! ટપાલી મનીઓર્ડર ન લાવે તો ટપાલી પર ગુસ્સે ન થવાય. વચ્ચેના માણસો પોસ્ટમેન છે ઉપરથી આવેલું મનીઓર્ડર તે લાવે છે.

જીવનમાં ચતુરાઈ કામ નથી લાગતી, ચારિત્ર કામ આવે છે. ભગવાનને પણ ચતુર વ્યક્તિને નહી પણ અંદરથી સાચા માણસોને મળે છે.

ગુલાબના છોડ પર કાંટા પણ છે અને ફૂલ પણ છે. કાંટા જોનારા રડશે પણ ફૂલ જોનારા હસશે. Percaption બધા લોકો પાસે છે પણ vision બહુ ઓછા લોકો પાસે છે. તેથી Visonary લોકોનું મહત્વ છે. vision for perception, To perceive એટલે આંખોથી જોવું અને vision એટલે અંદરથી જોવું. સંસ્થા જ્યોતિપુંજના માધ્યમ દ્વારા જાહેરમાં દાતા પરિવારનો આભાર અને ઋણ સ્વીકાર કરે છે અને તેમના સુખ, શાંતિ, અને ઉત્કર્ષ માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી.**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**૧. નલીન ચંદ્રકાંત શાહ**
૮, કુમાર વિલાસ, મંગલવાડી, જે.એસ.એસ. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪

**૨. પ્રવીણાબેન તથા બાબુલાલ ચુનીલાલ પરીખ (લાય)**
**શ્રુતિ તથા નિમિષ બાબુલાલ પરીખ**
ફલેટ નંબર - ૩૦, ૪ થે માળે, લક્ષ્મી મહલ,
બમનજી પેટીટ સ્ટ્રીટ, વોર્ડન રોડ, મુંબઈ - ૩૬
ફોન : ૨૩૮૬૫૯૬૩

**૩. પરેશ વિનુભાઈ મહેતા**
**રીટા પરેશ મહેતા - કેવલ પરેશ મહેતા**
ફલેટ નંબર - ૧૮૦૧, યુર્નિવસલ હાઈટ
૨૯૧, તારદેવ રોડ, નાના ચૌક, મુંબઈ - ૭
ફોન : ૨૩૮૮૯૫૭૮ / ૯૩૨૨૨૨૯૩૩૭
૯૬૯૯૭૨૯૩૩૭

**૪. અમીત નવનીતલાલ ધારીઆ**
૪૦૨, મહાવીર એપાર્ટમેન્ટ, ૨૪૧, તારદેવ,
મુંબઈ - ૪૦૦ ૦૦૭

**૫. પરાગ પ્રબોધ દોશી**
એ-૫૦૧, શ્રી રાજલક્ષ્મી કો.ઓપ.સો.લિ.
૮, પદમા નગર, ચીકુવાડી, શીમ્પોલી રોડ,
બોરીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
પરાગ દોશી - ૯૩૨૨૮૪૧૦૭૪
વૈશાલી દોશી - ૯૮૨૧૪૧૭૬૬૦

## નવા નંબર

દક્ષેશ બાબુલાલ કડકીયા (લટકારી) - ૨૩૬૩૮૪૨૮
પ્રવીણાબેન તથા બાબુલાલ ચુનીલાલ પરીખ (લાય)
શ્રુતિ તથા નિમિષ બાબુલાલ પરીખ - ૨૩૮૬૫૯૬૩

## શુભ લગ્ન

**એકતા** દિલીપ ધારીયા
**વૈભવકુમાર** દીપકભાઈ ગોસલીયા

## તેજસ્વી તારલાં

- **પુજા સમીર પરીખ** T.Y.BFM ના V[th] Sme. 85.5 % પાસ થયેલ છે. પુજા પોતાની કોલેજમાં પ્રથમ અને યુનિર્વસીટીમાંમાં બીજા ક્રમાંકે આવેલ છે.

## બાલાસિનોરનું ગૌરવ

**Parimal Kunjbihari Doshi,** S/o late Shri Kunjbihari Ochavlal Doshi (Modasawala) joined Indian Navy in 1985. He is the first Balasinorian to have joined Indian Armed Force as an officer. with sincerity, dedication and hardwork, he is raised to the rank of Commodore (Equivalent to Brigadier in the Army a one star General). He graduated from mumbai University and pursued further studies in Navy to become Mechanical Engineer, Aeronautical Engineer and is presently serving in Logistic arm of the Navy a rare combinaton of Techno + Administration. He is presently employed in Naval Dockyard Mumbai as General Manager (Personal and Administration) and is under transfer to Naval Headquarters at New Delhi, shortly, He is an avid adventurer with special interest in trekking in Himalayn Glaciers like Milam, Pindari, (Kumaon) Gaumuk, Kaimdhar (Gharwal), Kolhoi (J & K) etc.

He inherited true spirit of sincerity, dedication and sens of community service from his grandfather Ochhavlal Chunilal Doshi (Modasawala).

## મૃત્યુ નોંધ

| | **ઉંમર** |
|---|---|
| લીલાબહેન નટવરલાલ ધારીયા (કુણીવાલા) | ૮૮ |
| શાંતાબેન મુળજીભાઈ કોટિયા (બાલાસિનોર) | ૭૪ |
| સુરેશચંદ્ર શાંતિલાલ પરીખ (સાડીવાળા) | ૭૪ |
| તરૂબેન અરવિંદકુમાર મોદી (કારકુન) | ૬૯ |
| જયંતીલાલ ચીમનલાલ શાહ (સનદરાવાળા) | ૭૮ |
| સુશીલાબેન જયંતીલાલ કડકીઆ (ધંગેલા) | ૭૮ |
| રાજેશ કાંતિલાલ મહેતા (લેડી) વડોદરા | ૫૫ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 1 April - 2012

## ✣ ઘડપણની ભવ્યતા (એક યર્થાથ અવલોકન) ✣

માણસ સાઠ વર્ષ વટાવે પછી થોડાક ડરામણા શબ્દોનું બ્લેકમેઈલ શરૂ થઈ જાય છે. બ્લડ સુગર, કોલેસ્ટ્રોલ, બ્લડપ્રેશર, વા, બાયપાસ, ઘડપણ અને મૃત્યુ. ઘણાં લોકો ઘડપણમાં દુઃખી થવા માટે યુવાનીમાં રોગના ખાતામાં દુઃખની થાપણ મુકી રાખે છે, પાછલી ઉંમરે દુઃખ એમને વ્યાજ મુદ્દલ સાથે પાછું મળે છે. જ્યાં જ્યાં નજર કરીએ ત્યાં એડવાન્સ બુકીંગ કરાવીને ઘડપણમાં રોગોનું મ્યુઝિયમ બનીને ખાટલે પડી કણસતા ખોળિયા જોવા મળે છે. એમના જીગરજાન દોસ્તનું નામ ‘ગળફો’, એમની ગર્લફ્રેન્ડનું નામ ‘થુંકદાની’, એમની પ્રિયતમાનું નામ ‘પથારી’.

ઘડપણનું સર્જન સડવા માટે નથી થયું. માણસે ઘરડા નથી થવાનું પણ વૃદ્ધ થવાનું છે. વડલાની જેમ વ્યાપવાનું છે. વૃદ્ધિ પામે તે વૃદ્ધ. પાછલી ઉંમરે દુખી થવાનાં ઘણા રસ્તા છે. ઓફીસની ખુરશીમાં પોટલું થઈને બેસવું એ પહેલો ઉપાય છે. વ્યસનો વગરની યુવાની ઘણા લોકોને નથી ગમતી. પૈસા કમાવવા સિવાય અન્ય કોઈ વાતમાં રસ ન લેવાની ટેવ યુવાનીને કદરૂપી બનાવે છે. સાહિત્ય, સંગીત, કલા, નાટક, કવિતાને જેઓ ફાલતું માને છે, એવા લોકોને તાણ (ડીપ્રેશન) નામની ‘વેમ્પ’ અકાળે ઘરડાં બનાવે છે. કેવળ પૈસો કમાનાર વ્યક્તિને સાચી મૈત્રી સાંપડતી નથી.

પુસ્તક વાંચવાની ટેવ હોય એવો વૃદ્ધ કંટાળતો નથી. સંગીતમાં રસ લેનારો વૃદ્ધ નવરાશને સુંદર રીતે માણી શકે છે. મૈત્રી વૈભવ વધારનારા દાદા પરિવારમાં બધાના પ્રિય અને આદરણીય બને છે. અન્ય માટે કશુંક કરી છૂટવા તૈયાર એવા દાદીમાં પરિવારમાં સન્માનનીય સ્થાન ધરાવે છે.

- સંકલન

**2nd Cover Page**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત

# ચલો બાલાસિનોર વર્ષ – ૨૦૧૨

વતનના સાથી કાર્યકર્તાઓની લાગણી અને ઉત્સાહ અને લોક લાગણી ને શીરો માન્ય રાખી અને સાથે સાથે આપ સૌના સાથ સહકારથી ફરી એકવાર શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તા. ૧૦.૧૧.૨૦૧૨ થી ૧૫.૧૧.૨૦૧૨ દરમ્યાન ચલો બાલાસિનોરનું આયોજન કરવા જઈ રહ્યાં છીએ.

પ્રોગ્રામની વિસ્તૃત માહિતી જ્યોતિપુંજના આગામી અંકોમાં આપવામાં આવશે.

આપ સૌનો સહકાર મળી રહેશે એવી અપેક્ષા.

**સંયોજક** — **જીગર મણીકાન્ત કડકીઆ**

**મંત્રી** — **ભાવેશ બીપીન મોદી**

---

## SHREE BALASINOR NAVYUVAK SANGH - CHALO BALASINOR ACTIVITY 2012

**LIST OF SUB-COMMITTEE**

**MUMBAI COMMITTEE**

**S.NO NAME CONVENER**

1 JIGAR.M.KADAKIA
2 HEMENDRA.R.SHAH
3 DIXIT.K.PARIKH
4 SAMEER.J.GANDHI
5 SUNIL.N.MODY(THASRAWALA)
6 NIMISH.B.GANDHI(PAKA)
7 GOPAL.R.KADAKIA(KHISADAR)
8 DAXESH.S.PARIKH
9 DEEPAK.N.SHAH(KHADGODHRAWALA)
10 CHANDRESH.P.KADAKIA(KHISADAR)
11 ROOPESH.S.DHARIA(BALBAL)
12 MAYUR.R.SHAH(THASRAWALA)
13 NILESH.R.SHAH(THASRAWALA)
14 KETAN.R.KADAKIA(CHOKSI)
15 BAKUL.C.SHAH(NAGARSHETH)
16 VIMAL.V.MODY(THASRAWALA)
17 HIMANSHU.V.MODY(THASRAWALA)
18 DILIP.N.DHARIA(MUCHHARI)
19 DEVANG.R.MODY(PAPERWALA)
20 HIMANSHU.M.MODY(THASRAWALA)
21 MANOJ.R.PARIKH(BAKHLI)
22 HITEN.R.PARIKH
23 ALPESH.Y.DHARIA
24 RAKESH.J.SHAH
25 DHARMESH.J.SHAH
26 SHAISHAV.D.MODY

**BALASINOR COMMITTEE**

1 MAYANK.R.KADAKIA(TINUBHAI CHOKSI)
2 PRIYAKANT.K.DESAI
3 GOPALBHAI.O.SHAH
4 KAUSHIKBHAI.S.CHOKSI
5 SHASHIKANT.B.MODY
6 SAUMIL.N.MODY(DABAL)
7 RAJUBHAI.M.DHARIA
8 VRAJESHBHAI.S.SHAH
9 DILIPBHAI.M.DHARIA
10 MANOJBHAI.M.DHARIA(MUCHHARI)
11 DILIBHAI.R.SONI
12 BIPINBHAI.M.SHAH
13 ASHOK.M.DHARIA(DOCTOR)
14 DHARMENDRA.V.SHAH
15 DR. RAKESH.N.SHAH
16 ROHIT.J.SHAH

SHREE BALASINOR NAVYUVAK SANGH

**CONVENER - JIGAR.MANIKANT.KADAKIA**

**SECRETARY - BHAVESH.B.MODI**